શ્રી ગ્રેટર મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ
Shri Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh
સંચાલિત
શ્રી માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ
MATUSHRI MANIBEN MANSHI BHIMSHI CHHADVA DHARMIK SHIKSHAN BOARD

Website : jainshikshan.org E-mail : jainshikshanboard@gmail.com

**૧૧ ઓગસ્ટ ૨૦૧૯ -પ્રશ્ન પેપર - ગુણ - ૧૦૦ સમય: ૨ થી ૫**

# સર્ટીફીકેટ કોર્સ શ્રેણી – ૧૦

**પ્રશ્ન ૧. સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ લખો. (૧૫)**

અ) ગુજરાતી અર્થ લખો. (૨)

૧. અણેસણાએ ૨. આસાયણાએ ૩. આલોઈયં ૪. અભિહયા

બ) અર્ધમાગધી લખો. (૩)

૧. કેવળજ્ઞાનીઓની ૨. જુગુપ્સા કરીને ૩. પાથરીને ૪. અંગીકાર કરું છું ૫. પ્રતિપૂર્ણ છે
૬. પાલન કરેલ.

ક) પાઠપૂર્તિ કરો. (કોઈ પણ બે ) (૪)

૧. સમયં ........... ખુહા ૨. અભય દયાણં ........... ધમ્મ દયાણં ૩. પરમત્થ ........... સદ્દહણા

ડ) નીચેના પ્રશ્ન ઉત્તર લખો. (કોઈ પણ ત્રણ) (૬)

૧. નામ લખો : ૧) અઢારમા વિહરમાન તીર્થંકર ૨) ત્રીજું અનુત્તર વિમાન ૩) પાંચમું ગ્રૈવેયક ૪) પંદરમું મિથ્યાત્વ

૨) સર્વાર્થસિધ્ધથી સિધ્ધ વચ્ચેનું અંતર કેટલું ?
૩) અનર્થદંડ કેટલા પ્રકારના છે ? ક્યા ક્યા ?
૪) કોટિ કોને કહે છે ? તે કેટલી છે ?

**પ્રશ્ન ૨. ડાલાપાલાના આધારે જવાબ આપો. (૧૫)**

અ) (૬)

૧. નીચેના માપ કેવી રીતે મળશે ?
પહેલુ અનંત, સાતમું અસંખ્યાત, પહેલું અસંખ્યાત, જઘન્ય યુક્ત અસંખ્યાત, નવમુ અનંત, જઘન્ય સંખ્યાતા
૨. પાણીના એક પર્યાપ્તા જીવની નિશ્રામાં કેટલા જીવો હોઈ શકે ? (૨)
૩. એક વખતની ક્ષમાથી શું લાભ થાય ? (૨)
૪. ડાલાપાલા એટલે શું ? ક્યા આગમમાંથી આ થોકડો લેવામાં આવ્યો છે ? (૨)

બ) ખાલી જગ્યા પૂરો : (૩)

૧. કંદમુળના એક ટુકડામાં ........... જેટલા જીવો છે.
૨. ........... રાખવાથી જન્મ મરણ દૂર કરી શકીશું .
૩. ...........પાલાનું માપ બદલાતું રહે છે.
૪. પ્રતિશલાકાની પરિધિ ........... છે.
૫. શલાકાની કુલ ઉંડાઈ ........... છે.

પ્રશ્ન ૩. પુદ્ગલ પરાવર્તનના આધારે જવાબ લખો. (૧૫)

અ) ટૂંકમાં જવાબ આપો. (૧૦)

૧. પુદ્ગલ પરાવર્તન શું કહે છે ?
૨. સૌથી વધારે કાળ કયા પુદ્ગલ પરાવર્તનનો છે ?
૩. સર્વ જીવોએ ક્યું પરાવતન સૌથી વધારે કર્યું છે ?
૪. એક પુદ્ગલ પરાવર્તન બરાબર કેટલો કાળ થાય ?
૫. આહારક શરીર એક જીવને વધુમાં વધુ સંસારકાળમાં કેટલી વાર પ્રાપ્ત થાય ?
૬. તેર દેવતાના દંડકના દેવોએ ઔદારિક પુદ્ગલ પરાવર્તન કેટલા કર્યા ને કેટલા કરશે ?
૭. ભવિષ્યકાળે કોઈ એક નારકી એક પણ પુદ્ગલ પરાવર્તન કરશે નહિ તેવું બની શકે ? કેમ ?
૮. અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં શું શું બાકી નથી રાખ્યું ?
૯. વૈક્રિય અને ઓદારિક પુદગલ પરાવર્તનના દંડક કેટલા ?
૧૦. પુદ્ગલ વર્ગણાઓ ક્યાં અને કેટલી ભરેલી છે ।

બ) (૫)

૧. સુક્ષ્મ ભાવ પુદ્ગલ પરાવર્તન સમજાવો.
૨. બાદર દ્રવ્ય પુદ્ગલ પરાવર્તન સમજાવો.

પ્રશ્ન ૪. આયુષ્યના ૧૮૦૦ ભાંગાના આધારે જ્વાબ લખો. (૧૩)

અ)

૧. ૨૪ દંડકમાં સઅંતર અને નિરંતર ઉપજે અને ચ્યવે તેવા દંડક કેટલા ? (૩)
૨. સોપક્રમી કે નિરૂપક્રમી માંથી ક્યુ આયુષ્ય હશે ? (૩)
   ૧. અભયકુમાર ૨. બળદેવ ૩. ભરતક્ષેત્રના ભરતભાઈ ૪. હેમવયનો મનુષ્ય
   ૫. ધર્મરૂચિ અણગાર ૬. રત્નપ્રભા
૩. આયુષ્ય બંધ કયારે કરશે ? (૨)
   ૧. ભરત ક્ષેત્રનો નિરૂપક્રમી આયુષ્યવાળો મનુષ્ય ૨. ચકવર્તી ૩. સિમંધર સ્વામી ૪. ઉત્તરકુરૂનો હાથી
૪. આયુષ્યના ભાંગા કેટલા ? કેટલા બોલ સાથે જીવ આયુષ્ય બાંધે છે . (૫)

પ્રશ્ન ૫. વિરહપદના આધારે જ્વાબ લખો. (૧૨)

૧. ઉત્કૃષ્ટ ૧૫ દિવસ નો વિરહ હોય તેવા બોલ લખો. (૨)
૨. જઘન્ય ૫ મહિનાનો વિરહ હોય તેવા બોલ લખો. (૨)
૩. વિરહ લખો : ૧) સનતકુમાર દવેલોક ૨) સમુચ્ચય ગ્રહણ ૩) ભરત ક્ષેત્રમાં પરિહાર વિશુધ્ધ ચારિત્ર
   ૪) ભવનપતિ ૫) સિધ્ધ ૬) નવીન સમકિત (૬)
૪. આપણો નંબર હજુ કયાં નથી લાગ્યો ? (૧)
૫. અનુત્તર વિમાનમાં જ્વા શું વધારે જોઈએ ? (૧)

પ્રશ્ન ૬. સંસ્કાર વિભાગના આધારે પ્રશ્નોના જવાબ લખો. (૧૦)

અ) (૬)

૧. કોને કોને મન મળ્યું જ નથી ? અને કોણ મન મેળવતાં પહેલાં જ મરણ પામે છે ?
૨. કોને કોને કાયા મળે છે ? ક્યા કર્મના ઉદયે અનંતા જીવો વચ્ચે એક જ શરીર મળે છે ?
૩. વચનના સમ્યક અને પ્રશસ્ત ઉપયોગથી લાભ શું થાય છે ?

બ) ખાલી જગ્યા પૂરો. (૪)

૧. કાયાઅને વચનના સંયોગથી ઉત્કૃષ્ટ ........... સાગરોપમનું કર્મ બાંધી શકાય છે.
૨. ........... કરવાથી તીર્થંકર નામ કર્મ બંધાય છે.
૩. મનરૂપી ........... અને ........... ઘોડો ચારે તરફ ભાગતો રહે છે.

પ્રશ્ન ૭. કથાના આધારે જવાબ લખો. (૧૦)

૧. તેતલી પુત્રના આગલા બે પૂર્વભવ લખો.
૨. જીવ ઉદ્યમી સારા કે આળસુ સારા ? શામાટે ?
૩. સર્વ ભવી જીવ સિધ્ધ થશે તો પણ લોક જીવોથી રહિત થશે નહિ તેનું કારણ શું ?
૪. તામલી તાપસે નિયાણું કર્યુ હોત તો શું બનત ? નિયાણું ન કર્યુ તો શું બન્યા ? તે શેની પ્રેરણા આપે છે ?
૫. તામલીને રાત્રિના પાછલા પ્રહરમાં શું વિચાર ઉત્પન્ન થયો ?

પ્રશ્ન ૮. કાવ્યના આધારે જ્વાબ લખો. (૧૦)

૧. બારમા પાપસ્થાનકનું નામ શું ? તેનાથી શરૂ થતી કડી લખો.
૨. નારકીના જીવને દુ:ખ કોણ આપે ? તેનાથી શરૂ થતી કડી લખો.
૩. માછી, માળી, અણગળ થી શરૂ થતી કડી પૂરી કરો.

જય જિનેન્દ્ર